णमोत्थु णं समणस्स भगवओ
महावीरस्स

# મહામાનવ

# ની

# મહાસ્તવના

# મહામાનવ
# ની
# મહાસ્તવના

: સંપાદક :

**સુબોધચન્દ્ર નાનાલાલ શાહ**

: પ્રકાશક :

**કુમુદકાન્ત કાન્તિલાલ શાહ**
**ચન્દ્રિકાબ્હેન કુમુદકાન્ત શાહ**
**અને પરિવાર**
મુંબઈ - ૪૦૦ ૦૫૮.

: પ્રકાશક :
**કુમુદકાન્ત કાન્તિલાલ શાહ**
૩૮, યશવંત નગર,
૫૩-એસ. વી. રોડ,
અંધેરી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૫૮.

મૂલ્ય રૂા. ૩૦/-

નકલ - ૫૦૦

: પ્રકાશન :
વિ. સંવત્ - ૨૦૫૧,
મહાસુદ -૧,
તા. ૩૧ - ૧- ૧૯૯૫

: મુદ્રક :
**મોહનીશ એસ. પરીખ**
**બીઝનેસ એન્ટરપ્રાઈઝ**
૫, વી. પી. રોડ, સી. પી. ટૅંક,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨ ૪૫૨૪



અમારા ગૃહમંદિરના સ્વામી શ્રી પાર્શ્વનાથપ્રભુ

# કંઈક કહેવું છે

આ વીસમી સદીમાં વર્તમાન, શાસ્ત્રવિરૂદ્ધ એક પણ વચન, જેમના મુખમાંથી ક્યારેય પણ નીકળ્યું નથી એવા, આ. હરિભદ્રસૂરિ મ. આ. હેમચન્દ્રસૂરિ મ. તથા ઉપાધ્યાય યશોવિજયજી વાચકની સ્મૃતિ જેમણે તાજી કરાવી, ભયંકર ઝંઝાવાતો સામે વજ્રની છાતી રાખી ઝૂઝનારા, મહાન જૈનાચાર્ય, શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ કે જેમણે અનેક જીવોને ભવસાગરથી તાર્યા. તે પૈકીના એક અને તેમનાથી તરેલા, એઓશ્રીના ગૃહસ્થ અંતેવાસિની શ્રી ચન્દ્રિકાબ્હેન કુમુદકાન્ત શાહના પ્રયાસથી આ પુસ્તિકા શ્રી સંઘના કરકમલમાં મૂકાઈ છે.

શ્રી ચન્દ્રિકાબ્હેને પરમગુરુદેવની આજ્ઞાનુસાર શ્રી જિનવચનનો મારી પાસે અભ્યાસ કરતાં કરતાં ઘણું ઘણું ભવાન્તરનું ભાથું મેળવ્યું. જન્મથી મૂર્તિપૂજક કુલમાં ન જન્મવા છતાંય શ્રી જિનભક્તિના રંગે અદ્‌ભુત રીતે એવા રંગાયા કે અનેક જીવો માટે દ્રષ્ટાન્તભૂત બન્યા અને તબિયતની પ્રતિકૂલતા છતાંય, દિવસ રાતના ઘણા બધા કલાકો જિનવર-જિનવરની રઢમાંજ વીતાવે છે. શાસ્ત્રીય વિધિમુજબની તેમની અષ્ટપ્રકારી જિન પૂજા જોનારાને આશ્ચર્યમાં નાખે તેવી છે. તેમનું સમ્યગ્દર્શન પણ બેજોડ છે.

તેમની સ્વાધ્યાયની તાલાવેલીએ મને, તેમને ઈન્દ્રસ્તવ, પ્રવચન મંગલસાર, તથા સ્થવિરાવલીનો નિત્ય પાઠ કરવાનું સૂચન કરવા પ્રેર્યો અને તેમણે તે સૂચન સ્વીકારી જીવનને ધન્ય બનાવ્યું.

જે મને પોતાને મળ્યું તે બીજાને પણ પ્રાપ્ત કરાવું એ ભાવનાથી પ્રેરાઈને આ સર્વ સ્તોત્રોના અર્થો લખી આપવાની તેમણે મને વાત નહિં, પણ વિનંતિ કરી. પણ ઘણા બધા પઠન પાઠનની પ્રવૃત્તિમાંથી સમય કાઢવાનું મારામાટે શક્ય ન હોવાથી તેમની વાત હું મન ઉપર લઈ શક્યો નહિ. પરંતુ વારંવાર તેમની આ માગણી ચાલુજ રહેતાં, છેવટે આ કામ અતિ ગહન હોવા છતાંય મેં સ્વીકાર્યું.

ઈન્દ્રસ્તવ સ્તોત્રનો રહસ્યાર્થ કરવો મહાપ્રાજ્ઞો માટે પણ દુષ્કર છે.

છતાંય મારી અલ્પમતિ અનુસાર મેં પ્રયાસ કર્યો છે પણ મને તેથી સંતોષ નથી.

અહિં રજૂ કરાયેલાં સર્વ સ્તોત્રો મહામંગલકારી છે. હંમેશાં નિયત સમયે અને નિયત સ્થળે આનો પાઠ કરનારા, સ્મરનારા, અને સાંભળનારાઓનાં દુઃખદાયક કર્મોનો (જો નિકાચિત કર્મો નહોય તો) વિનાશ થાય તેમાં કયી નવાઈ છે ?

આ દુષમાકાળમાં આજે પણ પૂર્વપુરુષોની મહાકૃપાથી આવાં મંગલસ્તોત્રો વિદ્યમાન છે એ ઓછા પુણ્યની વાત નથી. આવાં તો કેટલાંય સ્તોત્રો, જ્ઞાનભંડારોમાં - હાથપોથીઓમાં દટાયેલાં પડ્યાં છે. કોઈ સ્વાધ્યાય રસિક ભાગ્યવંત આવીને તેમને પ્રકાશિત કરે તેની તેમને પ્રતીક્ષા છે. અત્યારે તો આવાં બે સ્તોત્રો અને સ્થવિરાવલીનો અન્તિમ અંશ જ આપ શ્રીસંઘ સમક્ષ રજૂ કર્યાં છે.

આ સ્તોત્રો છાપતી વેળા એ ધ્યાન રાખ્યું છે કે બાળબોધ લિપિ ન વાંચી શકનારા પણ આનો લાભ લઈ શકે તે માટે સર્વ સ્તોત્રોને ગુજરાતી લિપિમાંજ ગ્રન્થસ્થ કરવાં.

આ સ્તોત્રનો પાઠ કરવાથી સાધકો જે પુણ્ય યા જે નિર્જરા મેળવશે તેના ભાગીદાર શ્રી ચન્દ્રિકાબ્હેનજ છે.

એમણે શ્રી સંઘને જે અદ્‌ભુત ભેટ આપી છે તેનાથી તેમના ભવચક્રનું ભ્રમણ પરિમિત થયું છે અને હજી પણ વધુ પરિમિત થાવ એવી મારી અંતરની ભાવના છે.

લિ.

**આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વર**
**અન્તેવાસી**
**સુબોધચન્દ્ર નાનાલાલ શાહ**



આ વિષમ કલિકાલમાં પણ શ્રી જિનમાર્ગને જેમણે પોતાના ખભા ઉપર ઉપાડ્યો, પોતાની કાયાની પણ પરવા કર્યા વિના ૯૬-૯૬ વર્ષો સુધી ભવ્ય જીવોને કેવળ નિઃસ્વાર્થ ભાવે તાર્યા, તે અમારા પરમ આરાધ્યદેવ, પ્રાતઃસ્મરણીય,

## શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ



સુબોધચન્દ્ર નાનાલાલ શાહ

# પ્રકાશકીય

રાગ, દ્વેષ, મિથ્યાત્વ અને અવિરતિના યોગે સમયે સમયે બંધાતાં કર્મોથી જીવ કેટલો ભારે થાય છે એ જેમણે વારંવાર સમજાવ્યું અને સંસાર સાગરમાં અથડાતા અમારે માટે દીવાદાંડી બની અંતરમાં આત્મજાગૃતિની જ્યોત પ્રગટાવી અમને સદા માટે ઋણી બનાવ્યા, જ્યારે જ્યારે અમે આત્મ કલ્યાણના માર્ગમાં મૂંઝાયા ત્યારે ત્યારે જે અમારા રાહબર બન્યા અને જિનવરનો સત્ય માર્ગ જ અમારી સામે મૂક્યો, જેમના ઉપકારને માટે અમારી પાસે શબ્દોજ નથી, એવા અને સદા અમારા ઉપર જેમણે વાત્સલ્ય જ વરસાવ્યું છે તે,

સુદેવ - સુગુરુ અને સુધર્મની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનના પાન ઘૂંટી ઘૂંટીને જેમણે અમને પાયા અને અમને મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે યોગ્ય બનાવ્યા,

બાર બાર વર્ષો સુધી સતત જિનવાણીનાં રસપાન કરાવ્યાં, આત્માની પથરાળ જમીન ખેડી ખેડીને સુકોમલ કરી, પરમાત્માની અદ્ભુત મહત્તા ઓળખાવી અને અમારા માટે જે સદા સ્મરણીય, પૂજનીય અને આદરણીય બન્યા તે સત્ત્વવંત, પરમસમ્યગ્દ્રષ્ટિ, અમારા પરમમાર્ગદર્શક, જિનવચનની પ્રરૂપણા ખાતર પોતાની કાયાને જેમણે ઘસી નાખી તે **શ્રી સુબોધભાઈને અમારા ભાવભર્યાં સેંકડો વંદન પૂર્વક આ પુસ્તિકા તેમને સમર્પણ કરીએ છીએ.**

દા.

કુમુદકાન્ત શાહ તથા

ચંદ્રિકા કુમુદકાન્ત શાહ અને

પરિવાર.

# ઈન્દ્રસ્તવની પૂર્વભૂમિકા

વિક્રમસંવત્ ૨૦૧૮ ની સાલમાં જૂની હાથપોથીઓ વાંચતાં વાંચતાં આચાર્ય શિરોમણિ શ્રી સિધ્ધસેન દિવાકર વિરચિત આ ઈન્દ્રસ્તવ કે જેને આપણે શક્રસ્તવ પણ કહીયે છીયે તે અચાનક મને પ્રાપ્ત થયું. એક નવું પ્રકરણ હાથ લાગતાં અનહદ આનંદ થયો કે એક ખોવાયેલું રત્ન મલ્યું. તે વખતે નમસ્કાર સ્વાધ્યાય સંસ્કૃત વિભાગ ગ્રન્થનું સંપાદન મારા હસ્તક હતું તેમાં સર્વ પ્રથમવાર આ સ્તોત્ર મુદ્રિત કરવામાં આવ્યું. અને તે પણ માત્ર મૂળરૂપે . પછી તો આ સ્તોત્ર અનેક નાના મોટા ગ્રન્થોમાં મુદ્રિત થઈને સર્વત્ર ફેલાઈ ગયું.

આ વિશ્વમાં જે જે દેવો પ્રખ્યાત થઈને પૂજાય છે તે પૈકી સર્વ દેવોનાં વિશેષણો આ સ્તોત્રમાં શ્રી જિનરાજ અને તે પણ ચરમ તીર્થપતિ ભગવાન શ્રીમહાવીરદેવ માટે વપરાયાં છે એ તો સ્તોત્રનો પાઠ કરતાંજ સમજાશે તેથી એ પિષ્ટપેષણ નથી કરવું.


આ સ્તોત્રનાં ૧૧ આલાપકના ૧૧ ફલો ગ્રંથકારે પોતે જ જણાવ્યાં છે જે સ્તોત્ર સાદ્યન્ત વાંચતાં સમજાશે.

આ સ્તોત્રનો નિત્યપાઠ કરનાર સાધક આત્માને એમ થયું કે આ સ્તોત્ર બધાને પ્રાપ્ત કરાવું તો કેટલો તેમને લાભ થાય. તેથી આનો અનુવાદ કરવા મને પ્રેર્યો અને મેં મારી યથામતિ આનો અનુવાદ કર્યો છે. જો કે ઘણાય શબ્દોના ગૂઢાર્થો નથી સમજાયા પણ ક્યારેક આ સ્તોત્ર ઉપર ટીકા પ્રાપ્ત થશે એ આશા રાખી છે.

જે સમ્યગ્દ્રષ્ટિ સાધક શુધ્ધભાવ પૂર્વક પ્રતિદિન નિયત સમયે અને નિયત સ્થાને બેસીને આનો પાઠ કરશે તેને આ સ્તોત્રના અંતે દર્શાવિલાં ફલો મળેજ છે એ સાધકો માટે સ્વાનુભૂત છે પણ આનાથી શ્રી જિનદેવ ઉપર અદ્દભુત પ્રીતિ પ્રગટે છે. અને શ્રી જિનદેવની પ્રીતિ મોક્ષસંપદાનું બીજ છે એમ શાસ્ત્રકારો કહે છે.

આ સ્તોત્રના પાઠકો પોતાનો સંસાર ટૂંકો કરે એ અભિલાષા.

**- સંપાદક -**



ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન વર્ધમાનસ્વામી દીક્ષા પછીના છ માસના સમયમાં

જૈનશાસનગગનદિનમણિ -

# શ્રી સિધ્ધસેન દિવાકર વિરચિતઃ

## ઇન્દ્રસ્તવઃ (શક્રસ્તવઃ)

(મૂલપાઠ)

(આલાપક પ્રથમ)

ૐ નમોર્હતે, ભગવતે, પરમાત્મને, પરમજ્યોતિષે, પરમપરમેષ્ઠિને, પરમવેધસે, પરમયોગિને, પરમેશ્વરાય, તમસઃ પરસ્તાત્, સદોદિતાદિત્યવર્ણાય, સમૂલોન્મૂલિતાનાદિસકલ-ક્લેશાય. ॥ ૧ ॥

(અર્થ)

(આલાપક પ્રથમ)

ૐ એ મંત્રબીજ છે

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે જે ભગવંત છે, પરમાત્મા છે, પરમ પ્રકાશ સ્વરૂપ, પરમપરમેષ્ઠી, પરમવિધાતા, પરમયોગી, પરમેશ્વર, અંધકારથી પર થયેલા, સદાકાલ માટે, ઉદય પામેલા સૂર્યસમાન વર્ણવાળા, અને મૂળથી ઉખાડી નાખ્યા છે અનાદિકાલનાં સકલકર્મો જેમણે એવા છે. ॥ ૧ ॥

(મૂલપાઠ)

(આલાપક બીજો)

ૐ નમોર્હતે ભૂર્ભુવઃસ્વસ્ત્રયીનાથમૌલિમન્દારમાલાર્ચિતક્રમાય, સકલપુરુષાર્થયોનિનિરવદ્યવિદ્યાપ્રવર્તનૈકવીરાય, નમઃસ્વસ્તિ સ્વધાસ્વાહાવષડર્થૈકાન્તશાન્તમૂર્તયે,ભવદ્ભાવિભૂતભાવાવભાસિને, કાલપાશનાશિને, સત્ત્વરજસ્તમોગુણાતીતાય, અનન્તગુણાય, વાઙ્મનોગોચરચરિત્રાય, પવિત્રાય, કરણકારણાય, તરણતારણાય; સાત્ત્વિકદૈવતાય, તાત્ત્વિકજીવિતાય, નિર્ગ્રન્થપરબ્રહ્મહૃદયાય, યોગીન્દ્રપ્રાણનાથાય, ત્રિભુવનભવ્યકુલનિત્યોત્સવાય, વિજ્ઞાનાનન્દપરબ્રહ્મૈકાત્મ્યસાત્મ્યસમાધયે, હરિહરહિરણ્યગર્ભાદિદેવતાપરિકલિતસ્વરૂપાય સમ્યક્ શ્રધ્ધેયાય, સમ્યગ્ ધ્યેયાય, સમ્યક્ શરણ્યાય, સુસમાહિતસમ્યક્સ્પૃહણીયાય. ॥ ૨ ॥

(અર્થ)

(આલાપક બીજો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે પૃથ્વી-પાતાલ તથા સ્વર્ગ એમ ત્રણે લોકના નાથોના મસ્તકમાં રહેલ કલ્પવૃક્ષની માળાઓથી જેમના ચરણો પૂજાયેલા છે, સઘળા પુરુષાર્થોની ઉત્પત્તિ રૂપી નિષ્પાપ વિદ્યાને પ્રવર્તાવવામાં એક વીર છે, નમઃ, સ્વસ્તિ, સ્વધા, સ્વાહા અને વષટ્‌ના અર્થો જેમનામાં ઘટિત થાય છે તેવા છે, એકાન્તે શાન્તમૂર્તિવાળા છે, વર્તમાન, ભવિષ્ય અને ભૂતકાળના પદાર્થોને સ્પષ્ટપણે પ્રકાશિત કરનારા છે, યમરાજના પાશ (મૃત્યુ) નો નાશ કરનારા છે, સત્ત્વ રજસ્ અને તમસ્ આ ત્રણે ગુણોથી પર થયેલા છે, અનન્તગુણોથી સુશોભિત છે, જેમનું ચરિત્ર વાણીથી વર્ણવાય તેમ નથી તેમજ મનથી વિચારાય તેમ પણ નથી, જે પવિત્ર છે, જે ધર્મને કરનારા અને કરાવનારા છે, જે તરનારા છે અને તારનારા છે, જેમનું દૈવત (હિંમત) સાત્ત્વિક છે, જેમનું જીવન તાત્ત્વિક છે, નિર્ગ્રન્થો જે પરબ્રહ્મ (મોક્ષ) ને ધ્યાવે છે તે જ જેનું હૃદય છે, યોગીન્દ્રોના પ્રાણેશ્વર, ત્રણે ભવનના ભવ્ય જીવોના સમૂહ માટે નિત્ય ઉત્સવ સ્વરૂપ, વિજ્ઞાન, આનન્દ અને પરબ્રહ્મ આ સર્વ જેને એકાત્મરૂપ છે અને તેથી સંપૂર્ણ સમાધિવાળા, વિષ્ણુ, શંકર, બ્રહ્મા વગેરે દેવતાઓએ જેમના સ્વરૂપને જાણ્યું છે, સારી રીતે શ્રધ્ધા કરવા યોગ્ય, સારી રીતે ધ્યાન કરવા યોગ્ય, સારી રીતે શરણ કરવા યોગ્ય, અને સારા સમાધિવંત જીવો વડે સારી રીતે સ્પૃહા કરવા યોગ્ય છે.

॥ ૨ ॥

(મૂલપાઠ)

(આલાપક ત્રીજો)

ૐ નમોર્હતે આદિકરાય, તીર્થંકરાય, સ્વયંસંબુધ્ધાય, પુરુષોત્તમાય, પુરુષસિંહાય, પુરુષવરપુંડરીકાય, પુરુષવરગન્ધહસ્તિને, લોકોત્તમાય, લોકનાથાય, લોકહિતાય, લોકપ્રદીપાય, લોકપ્રદ્યોતકારિણે, અભયદાય, દૃષ્ટિદાય, મુક્તિદાય, માર્ગદાય, બોધિદાય, જીવદાય, શરણદાય, ધર્મદાય, ધર્મદેશકાય, ધર્મનાયકાય, ધર્મસારથયે, ધર્મવર-ચાતુરન્તચક્રવર્તિને, વ્યાવૃત્તછદ્મને, અપ્રતિહતસમ્યગ્જ્ઞાનદર્શન-સદ્મને. ॥૩॥

(અર્થ)

(આલાપક ત્રીજો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે જે આદિને કરનારા છે, તીર્થને કરનારા છે, પોતાની મેળે બોધ પામેલાં છે, પુરુષોમાં ઉત્તમ છે, પુરુષોમાં સિંહ જેવા છે, પુરુષોમાં શ્રેષ્ઠ કમલ સમાન છે, પુરુષોમાં શ્રેષ્ઠ ગન્ધહસ્તિ સમાન છે, લોકોમાં ઉત્તમ છે, લોકોના નાથ છે, લોકોનું હિત કરનાર છે, લોકોમાં દીવા જેવા છે, લોકોમાં અજવાળું કરનારા છે, અભયના દાતા છે, દ્રષ્ટિને આપનારા છે, મુક્તિદાયક છે, માર્ગને આપનારા છે, બોધિને દેનારા છે, જીવન દાતા છે, શરણના દેનાર છે, ધર્મના દાતા છે, ધર્મના દેશક છે, ધર્મના નાયક છે, ધર્મ(રૂપી રથ) ના સારથિ છે, ધર્મના વિષયમાં શ્રેષ્ઠ ચાતુરન્ત ચક્રવર્તી છે, ઘાતી કર્મોથી રહિત છે, કોઈથી સ્ખલના ન પામે તેવા સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ દર્શનના ઘર જેવા છે. ॥ ૩ ॥

(મૂલપાઠ)

(આલાપક ચોથો)

ૐ નમોર્હતે જિનાય, જાપકાય, તીર્ણાય, તારકાય, બુધ્ધાય, બોધકાય, મુક્તાય, મોચકાય, ત્રિકાલવિદે, પારંગતાય, કર્માષ્ટકનિષૂદનાય, અધીશ્વરાય, શંભવે, જગત્પ્રભવે, સ્વયંભુવે, જિનેશ્વરાય, સ્યાદ્‌વાદવાદિને, સાર્વાય, સર્વજ્ઞાય, સર્વદર્શિને, સર્વતીર્થોપનિષદે સર્વપાષણ્ડમોચિને, સર્વયજ્ઞફલાત્મને, સર્વજ્ઞકલાત્મને, સર્વયોગરહસ્યાય, કેવલિને, દેવાધિદેવાય, વીતરાગાય. ॥ ૪ ॥

(અર્થ)

(આલાપક ચોથો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે જેમણે રાગાદિ શત્રુઓને જીત્યા છે, અને બીજાને પણ રાગાદિ જીતાવનારા છે. સ્વયં ભવસાગર તરેલા છે અને બીજાને પણ તરાવનારા છે. સ્વયં બોધ પામેલા છે અને બીજાને બોધ પમાડનારા છે. સ્વયં મુક્ત છે અને બીજાને મૂકાવનારા છે. ત્રણેય કાલને જાણનાર છે, પાર પામેલા છે, આઠેય કર્મોનું નિકંદન કાઢનારા છે, સર્વના માલિક છે, કલ્યાણના ઉત્પત્તિસ્થાન છે, જગતના નિયંતા છે, સ્વયંભૂ છે, જિનેશ્વર છે, સ્યાદ્‌વાદના કહેનાર છે, કેવલજ્ઞાની છે, સર્વ વસ્તુના જ્ઞાતા છે, સર્વવસ્તુને જોનારા છે, સર્વ તીર્થોનું રહસ્ય છે, સર્વ પાખંડોથી મૂકાવનારા છે, સર્વ યજ્ઞના ફલસ્વરૂપ છે, સર્વજ્ઞતા રૂપી કલા જેને આત્મસાત્ થઈ ગઈ છે, સર્વ યોગોનું રહસ્ય છે, કેવલી છે , દેવોનાય અધિદેવ છે, અને વીતરાગ છે. ॥ ૪ ॥

(મૂલપાઠ)

(આલાપક પાંચમો)

ૐ નમોऽर्हते, પરમાત્મને, પરમાપ્તાય પરમકારુણિકાય, સુગતાય, તથાગતાય, મહાહંસાય, હંસરાજાય, મહાસત્ત્વાય, મહાશિવાય, મહાબોધાય, મહામૈત્રાય, સુનિશ્ચિતાય, વિગતદ્વન્દ્વાય, ગુણાબ્ધયે, લોકનાથાય, જિતમારબલાય.

॥ ૫ ॥

(અર્થ)

(આલાપક પાંચમો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે જે પરમાત્મા છે, પરમકરુણાવંત છે, સુંદર ગતિવાળા છે, શાસ્ત્ર મુજબ આચારવાળા છે, (કર્મરૂપી વિષનો નાશ કરવામાટે) મહાન હંસ* છે, હંસોના પણ રાજા છે, મહા સત્ત્વવંત છે, મહાકલ્યાણકારી છે, મહા બોધવાળા છે, મિત્રોના મહાન સમૂહ રૂપ છે, સર્વ વાતોમાં સુનિશ્ચિત છે, જેમનાં સુખ દુઃખ રૂપી દ્વન્દ્વો ચાલ્યાં ગયાં છે, ગુણોના સમુદ્ર છે, લોકોના નાથ છે, કામદેવના સૈન્યને પણ જેમણે જીતી લીધું છે.

॥ ૫ ॥

* હંસ પદ વિષ ઉતારનાર મહામંત્ર છે.

(મૂલપાઠ)

(આલાપક છઠ્ઠો)

ૐ નમોર્હતે, સનાતનાય, ઉત્તમશ્લોકાય, મુકુન્દાય, ગોવિન્દાય, વિષ્ણવે, જિષ્ણવે, અનન્તાય, અચ્યુતાય, શ્રીપતયે, વિશ્વરૂપાય, હૃષીકેશાય, જગન્નાથાય, ભુર્ભુવઃસ્વઃસમુત્તારાય, માનંજરાય, કાલંજરાય, ધ્રુવાય, અજાય, અજેયાય, અજરાય, અચલાય, અવ્યયાય, વિભવે, અચિન્ત્યાય, અસંખ્યેયાય, આદિસંખ્યાય, આદિકેશવાય, આદિશિવાય, મહાબ્રહ્મણે, પરમશિવાય, એકાનેકાનન્તસ્વરૂપિણે, ભાવાભાવવિવર્જિતાય, અસ્તિનાસ્તિદ્વયાતીતાય, પુણ્યપાપવિરહિતાય, સુખદુઃખવિવિક્તાય, વ્યક્તાવ્યક્તસ્વરૂપાય, અનાદિમધ્યનિધનાય, નમોસ્તુ મુક્તીશ્વરાય, મુક્તિસ્વરૂપાય.

॥ ૬ ॥

(અર્થ)

(આલાપક છઠો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે જે સદાકાળથી ચાલ્યા આવે છે. ઉત્તમ કીર્તિવાળા છે, પાપથી મૂકાવનારા છે, પૃથ્વીને આનંદ આપનારા છે, સર્વવ્યાપી છે, આંતર શત્રુઓને જીતનારા છે, અનન્ત છે, કદી પણ મુક્તિથી ચ્યુત થવાના નથી, લક્ષ્મીના સ્વામી છે, સમગ્ર વિશ્વને જોનારા છે, ઈન્દ્રિયોના સ્વામી છે, જગતના નાથ છે, સ્વર્ગ, પાતાલ, અને મનુષ્ય લોકથી પાર ઉતારનાર છે, માનનો નાશ કરનારા છે, મૃત્યુનો નાશ કરનારા છે, ધ્રુવ છે, ફરી જન્મનારા નથી, અજેય છે, અજર, અચલ, અવિનાશી, સર્વવાતે સમર્થ, અચિન્ત્ય, સંખ્યાથી મપાય નહિ તેવા, સંખ્યાથી માપવાની ચીજોમાં પ્રથમ, પ્રથમ દેવ, પ્રથમ કલ્યાણકારી, મહાન તત્ત્વરૂપ, પરમ કલ્યાણકારી, એક અનેક અને અનન્ત જેનું સ્વરૂપ છે, ભાવ અને અભાવથી રહિત, અસ્તિ અને નાસ્તિ બંને શબ્દથી વાચ્ય નથી એવા, પુણ્ય અને પાપથી રહિત, સુખ અને દુઃખથી પર, વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપવાળા, જેની આદિ મધ્ય અને અન્ત નથી એવા, મુક્તિના સ્વામી, મુક્તિ જેનું સ્વરૂપ છે એવા. ॥ ૬ ॥

(મૂલપાઠ)

(આલાપક સાતમો)

ૐ નમોર્હતે, નિરાતંકાય, નિઃસંગાય, નિઃશંકાય, નિર્મલાય,
નિર્દ્વન્દ્વાય, નિસ્તરંગાય, નિરુર્મયે, નિરામયાય, નિષ્કલંકાય,
પરમદૈવતાય, સદાશિવાય, મહાદેવાય, શંકરાય, મહેશ્વરાય,
મહાવ્રતિને, મહાયોગિને, મહાત્મને, પંચમુખાય,
મૃત્યુંજયાય, અષ્ટમૂર્તયે, ભૂતનાથાય, જગદાનન્દાય.
જગત્પિતામહાય, જગદ્દેવાધિદેવાય, જગદીશ્વરાય,
જગદાદિકન્દાય, જગદ્‌ભાસ્વતે, જગત્કર્મસાક્ષિણે,
જગચ્ચક્ષુષે, ત્રયીતનવે, અમૃતકરાય, શીતકરાય,
જ્યોતિશ્ચક્રચક્રિણે, મહાજ્યોતિર્દ્યોતિતાય,
મહાતમઃપારેસુપ્રતિષ્ઠિતાય, સ્વયંકર્ત્રે, સ્વયંહર્ત્રે,
સ્વયંપાલકાય, આત્મેશ્વરાય, નમો વિશ્વાત્મને.

॥ ૭ ॥

(અર્થ)

(આલાપક સાતમો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે જે કષ્ટ વિનાના છે, સંગ વગરના છે, શંકા વગરના છે, મલં રહિત છે, દ્વન્દ્વ વગરના છે, તરંગ વગરના, ઉમળકા વગરના, રોગ વગરના, કલંકવગરના, પરમ દેવતા છે, સદા કલ્યાણ કરનારા, મહાન દેવ, સુખને કરનારા, મહાન ઈશ્વર, મહાન વ્રતોવાળા, મહાન યોગીશ્વર, મહાત્મા, વિશાલ મુખવાળા, મૃત્યુને જીતનારા, આઠગુણો રૂપી મૂર્તિવાળા , પ્રાણીઓના નાથ, જગતને આનંદ આપનારા, જગતના પિતામહ, જગતના દેવાધિદેવ, જગતના ઈશ્વર, જગતના આદિ પુરુષ, જગતના સૂર્ય, જગતના સર્વ કાર્યોના સાક્ષી, જગતની આંખ જેવા, સૂર્ય સમાન, અમૃત જેવો શીતલ હાથ છે જેનો એવા, ચન્દ્ર સમાન, જ્યોતિષ્ચક્રના પણ ચક્રવર્તી, મહાપ્રકાશથી જગતમાં ઉદ્દ્યોત કરનારા, અંધકારથી પાર પહોંચેલામાં પણ મહાન, સ્વયં કરનારા, સ્વયં હરનારા, સ્વયં પાલક, સર્વ પ્રાણીઓના ઈશ્વર, સમગ્ર વિશ્વ જેમના સ્વરૂપ છે તે. ॥ ૭ ॥

(મૂલપાઠ)

(આલાપક આઠમો)

ૐ નમોર્હતે, સર્વદેવમયાય, સર્વધ્યાનમયાય, સર્વજ્ઞાનમયાય, સર્વતેજોમયાય, સર્વમંત્રમયાય, સર્વરહસ્યમયાય સર્વભાવાભાવાજીવાજીવેશ્વરાય, અરહસ્યરહસ્યાય, અસ્પૃહસ્પૃહણીયાય, અચિન્ત્યચિન્તનીયાય, અકામકામધેનવે, અસંકલ્પિતકલ્પદ્રુમાય, અચિન્ત્યચિન્તામણયે, ચતુર્દશરજ્જ્વાત્મકજીવલોકચૂડામણયે, ચતુરશીતિલક્ષજીવયોનિપ્રાણિનાથાય, પુરુષાર્થનાથાય, પરમાર્થનાથાય, અનાથનાથાય, જીવનાથાય, દેવદાનવમાનવસિધ્ધસેનાધિનાથાય.

॥ ૮ ॥

(અર્થ)

(આલાપક આઠમો)

નમસ્કાર થાય શ્રી અર્હત્‌ને, કે જે સર્વ દેવમય, સર્વ ધ્યાનમય, સર્વ જ્ઞાનમય, સર્વતેજમય, સર્વમંત્રમય, સર્વ રહસ્યોથી ભરેલા, સર્વ ભાવ, અભાવ, જીવ, અને અજીવના સ્વામી છે, જેને માટે કોઈ રહસ્ય નથી એવા રહસ્ય છે , જેને કોઈ સ્પૃહા નથી એવા સ્પૃહા કરવા યોગ્ય છે, ન વિચારી શકાય તેવા વિચારણીય છે, કામનાઓથી પણ અતીત એવી કામધેનુ જેવા છે, વિચાર્યાથી પણ વધુ આપનાર કલ્પવૃક્ષ છે, કલ્પી ન શકાય તેવા ચિન્તામણિ છે, ચૌદ રજ્જુ સ્વરૂપ જીવલોકના ચૂડામણિ છે, ચોર્યાશી લાખ જીવયોનિના પ્રાણોના રક્ષક છે, ચારે પુરૂષાર્થોના નાથ છે, પરમાર્થ એટલે મોક્ષના નાથ છે, અનાથોના નાથ છે, જીવોના નાથ છે, દેવો, દાનવો માનવો અને સિધ્ધપુરૂષોની સેનાના પણ મહાસ્વામી છે. ॥ ૮ ॥

(મૂલપાઠ)

(આલાપક નવમો)

ૐ નમોર્હતે, નિરંજનાય, અનન્તકલ્યાણનિકેતનકીર્તનાય, સુગૃહીતનામધેયાય, ધીરોદાત્તધીરોધ્ધત-ધીરશાન્ત-ધીરલલિત-પુરુષોત્તમ-પુણ્યશ્લોકશતસહસ્ત્રલક્ષકોટિવન્દિત-પાદારવિન્દાય, સર્વગતાય.

॥ ૯ ॥

(અર્થ)

(આલાપક નવમો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે જે નિરંજન છે, જેનું કીર્તન અનન્ત કલ્યાણનું ઘર છે, જેમનું નામ સારી રીતે ગ્રહણ કરવા યોગ્ય છે, કાવ્યશાસ્ત્રમાં વર્ણવેલા ધીરોદાત્ત, ધીરોધ્ધત, ધીરશાન્ત, ધીરલલિત એવા ઉત્તમ પુરુષો અને પવિત્ર કીર્તિવાળા, સેંકડો, હજારો, લાખો અને કરોડો જનોથી જેમનાં ચરણકમલ વન્દિત છે એવા, અને સર્વ વ્યાપી એવા. ॥ ૯ ॥

(મૂલપાઠ)

(આલાપક દશમો)

ૐ નમોર્હતે, સર્વસમર્થાય, સર્વપ્રદાય, સર્વહિતાય, સર્વાધિનાથાય, કસ્મૈચન ક્ષેત્રાય, પાત્રાય, તીર્થાય, પાવનાય, પવિત્રાય, અનુત્તરાય, ઉત્તરાય, યોગાચાર્યાય, સંપ્રક્ષાલનાય, પ્રવરાય, આગ્રેયાય, વાચસ્પતયે, માંગલ્યાય, સર્વાત્મનીનાય, સર્વાર્થાય, અમૃતાય, સદોદિતાય, બ્રહ્મચારિણે, તાયિને, દક્ષિણીયાય, નિર્વિકારાય, વજ્રર્ષભનારાચમૂર્તયે, તત્ત્વદર્શિને, પારદર્શિને, પરમદર્શિને, નિરુપમજ્ઞાનબલવીર્યતેજઃશક્ત્યૈશ્વર્યમયાય, આદિપુરુષાય, આદિપરમેષ્ઠિને, આદિમહેશાય, મહાજ્યોતિઃસત્ત્વાય, મહાર્ચિર્ધનેશ્વરાય, મહામોહસંહારિણે, મહાસત્ત્વાય. મહાજ્ઞામહેન્દ્રાય, મહાલયાય, મહાશાન્તાય, મહાયોગીન્દ્રાય, અયોગિને, મહામહીયસે, મહાહંસાય, હંસરાજાય, મહાસિધ્ધાય, શિવમચલમરુજમનન્તમક્ષયમવ્યાબાધમપુનરાવૃત્તિ મહાનન્દં મહોદયં સર્વદુઃખક્ષયં કૈવલ્યં અમૃતં નિર્વાણમક્ષરં પરબ્રહ્મ નિઃશ્રેયસમપુનર્ભવં સિધ્ધિગતિનામધેયં સ્થાનં સંપ્રાપ્તવતે, ચરાચરમવતે, નમોસ્તુ શ્રીમહાવીરાય, ત્રિજગત્સ્વામિને, શ્રી વર્ધમાનાય. ॥ ૧૦ ॥

(અર્થ)

(આલાપક દશમો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને, કે જે સર્વથી સમર્થ છે, સર્વવસ્તુ દેનારા છે, સર્વનું હિત કરનારા છે, સર્વના અધિનાથ છે, જે કોઈ પણ હોય તે સર્વ ગુણોના ક્ષેત્ર, પાત્ર અને તીર્થ, પવિત્ર કરનારા, પોતે પણ પવિત્ર, જેનાથી શ્રેષ્ઠ કોઈ નથી તેવા, પરમશ્રેષ્ઠ , યોગમાર્ગના આચાર્ય, સર્વ પાપોને ધોનારા, પ્રવર, સર્વના અગ્રગામી, વાણીના અધિષ્ઠાતા, મંગલ કરનારા, સર્વ આત્માઓનું હિત કરનારા, સર્વ અર્થથી સંપૂર્ણ, અમૃતસ્વરૂપ, સદા ઉદય પામેલા, બ્રહ્મચારી, રક્ષક, દાક્ષિણ્યમૂર્તિ, વિકારરહિત, વજ્રઋષભ નારાચ સંઘયણવાળું શરીર છે જેમનું એવા, તત્ત્વદર્શી, પારદ્રષ્ટા, પરમદ્રષ્ટા, નિરુપમ જ્ઞાન, બલ, વીર્ય, તેજ, શક્તિ અને ઐશ્વર્યમય, આદિપુરુષ, આદિપરમેષ્ઠિ, આદિમહેશ્વર, મહાન્ જ્યોતિરૂપી સત્ત્વવાળા, મહાન કાંતિરૂપી ધનના સ્વામી, મહામોહનો સંહાર કરનારા, મહાસત્ત્વવંત, આજ્ઞા દ્વારા મહાન મહેન્દ્ર તુલ્ય, મહાન ગુણોના ભંડાર, મહાશાન્ત, મહાયોગીન્દ્ર, અયોગિગુણસ્થાનને પામેલા, મહાનથી ય મહાન. મહાહંસ, હંસ મંત્રના રાજા, મહાસિધ્ધ પુરુષ, શિવ, અચલ, અરુજ, અનન્ત, અક્ષય, અવ્યાબાધ અને જ્યાંથી પાછું આવવાનું નથી એવા મહાઆનંદદાયક, મહાઉદયવંત, સર્વ દુઃખોના ક્ષય સ્વરૂપ કૈવલ્ય, અમૃત, નિર્વાણ જેનાં નામ છે એવા પરબ્રહ્મ, નિઃશ્રેયસ, અપુનર્ભવ-સિધ્ધિગતિ જેવાં જૂદાં જૂદાં નામોથી ઓળખાતા સ્થાનને પ્રાપ્ત કરી ચૂકેલા, ચર અચર સર્વના રક્ષક, મહાન વીર, ત્રણેય જગતના સ્વામી શ્રી વર્ધમાનને મારા નમસ્કાર હોજો. ॥ ૧૦ ॥

(મૂલપાઠ)

(આલાપક અગ્યારમો)

ૐ નમોર્હતે કેવલિને, પરમયોગિને, વિશાલશાસનાય,
સર્વલબ્ધિસંપન્નાય, નિર્વિકલ્પાય, કલ્પનાતીતાય,
કલાકલાપકલિતાય, વિસ્ફુરદુરુશુક્લધ્યાનાગ્નિનિર્દગ્ધકર્મબીજાય,
પ્રાપ્તાનન્તચતુષ્ટયાય, સૌમ્યાય, શાન્તાય, મંગલવરદાય,
અષ્ટાદશદોષરહિતાય, સંસૃતવિશ્વસમીહિતાય સ્વાહા
ૐ હ્રીઁ શ્રીઁ અર્હઁ નમઃ ॥૧૧॥

(અર્થ)

(આલાપક અગ્યારમો)

નમસ્કાર થાવ શ્રી અર્હત્‌ને કે જે કેવલી છે, પરમયોગી છે, વિશાલ શાસનના સ્વામી છે, સર્વ લબ્ધિઓથી સંપન્ન છે, વિકલ્પોથી પર છે, કલ્પનાતીત છે, કલાઓના સમૂહથી વ્યાપ્ત છે, સ્ફુરાયમાન વિશાલ શુક્લધ્યાન રૂપ અગ્નિથી જેમણે કર્મનાં બીજ બાળી નાખ્યાં છે, અનન્ત ચતુષ્ટયના સ્વામી છે, સૌમ્ય છે, શાન્ત છે, મંગલકારી વરદાન દેનારા છે, અઢાર દોષોથી રહિત છે, વિશ્વના ઈચ્છિતને ફેલાવનાર છે. એવા શ્રી અર્હત્‌ને ૐ હ્રીઁ શ્રીઁ અને અર્હઁ પદથી નમસ્કાર થાવ.

॥૧૧॥

(મૂલપાઠ)

(ઉપસંહાર)

લોકોત્તમો નિષ્પ્રતિમસ્ત્વમેવ ત્વં શાશ્વતં મંગલમપ્યધીશ !
ત્વામેકમર્હન્ શરણં પ્રપદ્યે સિધ્ધર્ષિસધ્ધર્મમયસ્ત્વમેવ ॥ ૧ ॥

ત્વં મે માતા પિતા નેતા, દેવો ધર્મો ગુરુઃપરઃ
પ્રાણાઃ સ્વર્ગોઽપવર્ગશ્ચ સત્ત્વં તત્ત્વં ગતિર્મતિઃ ॥ ૨ ॥

જિનો દાતા જિનો ભોક્તા, જિનઃ સર્વમિદં જગત્
જિનો જયતિ સર્વત્ર, યો જિનઃ સોઽહમેવ ચ ॥ ૩ ॥

યત્ કિંચિત્ કુર્મહે દેવ! સદા સુકૃત દુષ્કૃતમ્
તન્મે નિજપદસ્થસ્ય હું ક્ષઃ ક્ષપય ત્વં જિન ! ॥ ૪ ॥

ગુહ્યાતિગુહ્યગોપ્તા ત્વં ગૃહાણાસ્મત્કૃતં જપમ્ ॥ ૫ ॥
સિધ્ધિઃ શ્રયતિ માં યેન, ત્વત્પ્રસાદાત્ ત્વયિસ્થિતમ્

## ઈતિ શ્રી વર્ધમાનજિનનામમંત્રસ્તોત્રમ્

(અર્થ)

(ઉપસંહાર)

આપ જ લોકોત્તમ છો. આપના સમાન કોઈ નથી, તમે શાશ્વત અને મંગલ છો, હે અર્હત્!તમને એકનેજ શરણરૂપે સ્વીકારું છું. સિધ્ધ ઋષિ, સાચા ધર્મમય તમે જ છો, ॥ ૧ ॥

તમે મારા માતા, પિતા, નેતા, દેવ, ધર્મ અને શ્રેષ્ઠ ગુરુ છો. પ્રાણ, સ્વર્ગ, મોક્ષ, સત્ત્વ, તત્ત્વ, ગતિ અને મતિ પણ તમે જ છો. ॥ ૨ ॥

શ્રી જિન દાતા છે, જિન ભોક્તા છે, આ આખું જગત્ જિન છે, સર્વત્ર જિન જયવંતા છે, જે જિન છે તે હું જ છું. ॥ ૩ ॥

હે દેવ ! અમે સદા જે કંઈ કરીએ છીએ ચાહે તે પુણ્ય હોય કે પાપ, તે તમારા ચરણમાં રહેલા મારા (તે પુણ્ય કે પાપ) તમે સમાપ્ત કરી દો. ॥ ૪ ॥

અમારા ગુહ્ય ને અતિગુહ્ય કાર્યોના તમે રક્ષક છો, અમારા કરેલા જપનો તમે સ્વીકાર કરો, જેથી તમારી કૃપાથી તમારા ચરણમાં રહેલા મને સિધ્ધિ સ્વીકારી લે. ॥ ૫ ॥

**આ પ્રમાણે શ્રી વર્ધમાનજિનનામમંત્ર સ્તોત્ર સમાપ્ત થયું**

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

**ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્**
**એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં**
**સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં**
**મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં**
**ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં**
**શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં સચરાચરેડપિ**
**(જીવલોકે) સદ્ વસ્તુ તન્નાસ્તિ યત્ કરતલપ્રણયિ ન ભવતિ**
**ઈતિ (કિં ચ)** ॥ ૧ ॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવા રૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યોથી ભરેલ છે તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે; અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાંતરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે. આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિંતન કરનારા ભવ્ય જીવોને, આ સચરાચર જીવલોકમાં વિદ્યમાન એવી કોઈ વસ્તુ નથી કે જે તે સાધકને પ્રાપ્ત ન થાય (વળી). ॥૧॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્
એકાદશમંત્રરાજોપનિષદ્‌ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં
સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં
મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં
ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં
શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં ભવનપતિ-વ્યન્તર-
જ્યોતિષ્ક- વૈમાનિકવાસિનો દેવાઃ સદા પ્રસીદન્તિ, વ્યાધયો
વિલીયન્તે. ॥૨॥

(ગ્રંથકાર શ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

**આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવા રૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યોથી ભરેલ છે તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાંતરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે. આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિંતન કરનારઃ ભવ્ય જીવોને, ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓ સદા પ્રસન્ન થાય છે અને તે સાધકના રોગો નાશ પામે છે. ॥૨॥**

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્

એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં

સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં

મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં

ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં

શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં

પૃથિવ્યપ્તેજોવાયુગગનાનિ ભવન્ત્યનુકૂલાનિ.

॥૩॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

**આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે. આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોને, પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશરૂપ પાંચ મહાભૂતો અનુકૂલ બને છે.**

**॥૩॥**

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

**ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્**
**એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં**
**સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં**
**મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્ત્રશુશ્રૂષિતં**
**ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં**
**શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં સર્વસમ્પદાં મૂલં**
**જાયતે જિનાનુરાગઃ. ॥૪॥**

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે. આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોને, સર્વ સંપત્તિ મેળવવાનું મૂળ કારણ શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે પ્રેમ જન્મે છે. ॥૪॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

**ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્**
**એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં**
**સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં**
**મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં**
**ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં**
**શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં સાધવઃ સૌમનસ્યેન**
**અનુગ્રહપરા જાયન્તે. ॥૫॥**

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે.

આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોને, સજ્જન પુરુષો પવિત્ર મનથી અનુગ્રહ કરનારા થાય છે. ॥૫॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્
એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં
સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં
મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં
ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં
શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં ખલાઃ ક્ષીયન્તે.

॥૬॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે.

આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોની સામે, દુર્જનો દુર્જનતા પ્રગટ કરી શકતા નથી. ॥૬॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્
એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં
સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં
મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં
ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં
શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં જલસ્થલગગનચરાઃ
ક્રૂરજન્તવોऽપિ મૈત્રીમયા જાયન્તે. ॥૭॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે.

આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોને, ક્રૂર પ્રાણીઓ પણ મૈત્રીભાવ ધારણ કરનારા થાય છે. ॥૭॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્
એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં
સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં
મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં
ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં
શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં અધમવસ્તૂન્યપિ
ઉત્તમવસ્તુભાવં પ્રપદ્યન્તે. ॥૮॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે.

આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોને, અધમ વસ્તુઓ પણ ઉત્તમવસ્તુરૂપ થઈ જાય છે. ॥૮॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

**ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્**
**એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં**
**સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં**
**મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં**
**ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં**
**શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં ધર્માર્થકામા**
**ગુણાભિરામા જાયન્તે.** ॥૯॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે.

આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોને, ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થો પણ ગુણકારી બને છે. ॥૯॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્
એકાદશમંત્રરાજોપનિષદ્‌ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં
સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં
મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં
ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં
શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં ઐહિક્યઃ સર્વા અપિ
શુધ્ધ ગોત્ર-કલત્ર-પુત્ર-મિત્ર-ધન-ધાન્ય-જીવિત-યૌવન-રૂપા-
રોગ્ય - યશઃપુરસ્સરાઃ સર્વજનાનાં સમ્પદઃ પરભાગજીવિત-
શાલિન્યઃ સદુદર્કાઃ સુસંમુખીભવન્તિ. કિં બહુના, ॥૧૦॥

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવિ છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે.

આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોને, આ લોકની સઘળીય શુધ્ધ ગોત્ર, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, જીવન, યૌવન, રૂપ, આરોગ્ય, યશ વગેરે સર્વ સંપત્તિઓ પરાકાષ્ઠાને પામીને સુંદર ભવિષ્ય બનાવનારી બની સન્મુખ આવે છે. ॥૧૦॥

વધુ શું કહેવું !

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(મૂલપાઠ)

ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવમ્
એકાદશમંત્રરાજોપનિષદ્ગર્ભમ્ અષ્ટમહાસિધ્ધિપ્રદં
સર્વપાપનિવારણં સર્વપુણ્યકારણં સર્વદોષહરં સર્વગુણાકરં
મહાપ્રભાવમ્ અનેકસમ્યગ્દ્રષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં
ભવાન્તરકૃતાસંખ્યપુણ્યપ્રાપ્યં સમ્યગ્ જપતાં પઠતાં ગુણયતાં
શૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં ભવ્યજીવાનાં આમુષ્મિક્ય:
સર્વમહિમાસ્વર્ગાપવર્ગશ્રિયોઽપિ ક્રમેણ યથેષ્ટં સ્વયં
સ્વયંવરણોત્સવસમુત્સુકા ભવન્તીતિ.
સિધ્ધિ: શ્રેય: સમુદય:

યથેન્દ્રેણ પ્રસન્નેન, સમાદિષ્ટોઽર્હતાં સ્તવ:
તથાઽયં સિધ્ધસેનેન, પ્રપેદે સમ્પદાં પદમ્. ॥૧૧॥

## ઈતિ ઈન્દ્રસ્તવ:

(ગ્રંથકારશ્રી હવે આ સ્તોત્રપાઠનું ફલ દર્શાવે છે.)

(અર્થ)

આ પ્રમાણે આ પૂર્વે કહેલ ઈન્દ્રસ્તવ (શક્રસ્તવ) કે જે અગ્યાર આલાવારૂપ અગ્યાર મંત્રરાજના રહસ્યથી ભરેલ છે, તે આઠ મહા સિધ્ધિ આપનાર છે, સર્વ પાપોને રોકનાર છે, સર્વ પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ છે, મહાપ્રભાવવંત છે, અનેક સમ્યગ્દ્રષ્ટિ કલ્યાણ કરનાર લાખો દેવતાઓથી સેવાયેલ છે અને ભવાન્તરમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થાય તેવું છે.

આનો સારી રીતે જાપ કરનારા, ગોખનારા, નિરંતર ગણનારા, સાંભળનારા અને આનું ચિન્તન કરનારા ભવ્યજીવોને, પારલૌકિક સર્વથી મહિમાવંત સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મીઓ પણ ક્રમસર ઈચ્છાનુસાર પોતાની મેળેજ વરવા માટે ઉત્સુક બને છે. આ રીતે સિધ્ધિઓ અને કલ્યાણનો સમુદાય એ જીવોને પ્રાપ્ત થાય છે.

સાધકોને સિધ્ધિ અને કલ્યાણનો સમુદાય હોજો.

પ્રસન્ન થયેલા ઈન્દ્રે જે પ્રમાણે સમ્પત્તિનું સ્થાન આ અર્હતોનો સ્તવ મને બતાવ્યો તેજ પ્રમાણે મેં સિધ્ધસેને આને રજૂ કર્યો છે. ॥૧૧॥

આ પ્રમાણે ઈન્દ્રસ્તવ સમાપ્ત થયો.

પરમમંગલકારિ

# શ્રી પ્રવચનમંગલસાર સ્તોત્ર

## પ્રવચનમંગલસાર સ્તોત્રની પૂર્વભૂમિકા

સર્વપ્રથમ મુદ્રિત થઈને શ્રી સંઘના કરકમલમાં મૂકાતા આ સ્તોત્રની પૂર્વભૂમિકા આ પ્રમાણે છે.

આચાર્ય શિરોમણિ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ વિહાર કરતાં કચ્છ નળિયા પધાર્યા અને ગોવિંદજી જેવત ખોનાએ આપેલ સ્થાનમાં ઉતર્યા ત્યારે મુનિ બાલવિજય નામના મુનિનો એક હસ્તલિખિત ભંડાર ત્યાં હતો. અજ્ઞાની શ્રાવકોએ આ હસ્તલિખિત ગ્રંથના અનેક પાનાં નદીમાં વહેવડાવી દીધા હતા કારણ કે તે વંચાતાં ન હતા, સમજાતા ન હતા. જે પાનાં બચ્યાં હતાં તે તપાસતાં તેમાંથી આ સ્તોત્ર પ્રાપ્ત થયું. આનું મૂળ શોધતાં કુવલયમાલાકહાના પ્રાન્તભાગમાં આનું મૂળ જડ્યું પણ તે ઘણું અશુધ્ધ હતું. બીજી બીજી હાથપોથીઓ શોધતાં શોધતાં, સુધારતાં સુધારતાં, જે શુધ્ધ પાઠ તૈયાર થયો તે શ્રી સંઘના કરકમલોમાં મૂક્યો છે. જૈન શાસનમાં જેટલા જેટલા મહાન પુરુષો છે તેમને આ સ્તોત્રમાં

વંદન કરાયું છે. ખૂબી એ છે કે દેવી દેવતાઓને વંદન નથી કરાયું પણ માત્ર સ્મરાયા છે. આ જ તો સમ્યગ્દ્રષ્ટિ આત્માની ખૂબી છે કે વન્દ્ય અવન્દ્યનો વિવેક કરે. જે સાધક આમાં કહ્યા મુજબ સવારે ગાયોના ધણ છૂટવાના સમયે આનો પાઠ કરે છે તે દિવસે તેને સઘળી કલ્યાણની પરંપરાઓ પ્રાપ્ત થાય છે, જો તે સમ્યગ્દ્રષ્ટિ હોય તો. આ કથન આજે પણ કસોટી પર સત્ય પૂરવાર થયું છે. પણ જે વ્યક્તિ ગમે ત્યારે ગણે અને જો તે સમ્યગ્દ્રષ્ટિ ન હોય અને ફળ ન મળે તો સ્તોત્રમાં શંકા કરવી વૃથા છે.

અર્થ સાથે મુદ્રિત થઈને મૂકાતા આ સ્તોત્રનો નિત્ય પાઠ કરીને સમ્યગ્દ્રષ્ટિ આત્માઓ આ સંસારમાં - આ ભવમાં-પણ નિરુપદ્રવ જીવન જીવીને અંતે પોતાના આત્માને પુણ્યથી ભરી, પરંપરાએ સર્વ સંવર રૂપ મુક્તિપદના સ્વામી બનો એ અભિલાષા.

- સંપાદક -

(શ્રી પ્રવચનમંગલસાર-મૂલ)

અરહંતે નમિઊણ, સિધ્ધે આયરિયસવ્વસાહૂ અ
પવયણમંગલસારં, વોચ્છામિ અહં સમાસેણ ॥૧॥

પઢમં ણમહ જિણાણં, ઓહિજિણાણં ચ ણમહ સવ્વેસિં
પરમોહિજિણે ણમહ ય, અણંતઓહિજિણે ણમહ ॥૨॥

સવ્વોહિજિણે વંદહ, પણમહ ભાવેણ કેવલિજિણે ય
ણમહ ય ભવત્થકેવલિ -જિણણાહે તિવિહજોગેણ ॥૩॥

ણમહ ય ઉજ્જુમઈણં, વિઉલમઈણં ચ ણમહ ભત્તીએ
પન્નાસમણે પણમહ, ણમહ ય તહ બીયબુધ્ધીણં ॥૪॥

(શ્રી પ્રવચનમંગલસાર-અર્થ)

શ્રી અર્હત્ ભગવંતો, સિધ્ધભગવંતો, આચાર્ય ભગવંતો અને સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરીને હું સંક્ષેપથી પ્રવચન મંગલસારને કહું છું ॥ ૧ ॥

પ્રથમ શ્રી જિન ભગવંતોને નમસ્કાર કરો, સર્વ અવધિજિનોને નમસ્કાર કરો, પરમાવધિઓને નમસ્કાર કરો અને અનંતાવધિજિનોને નમસ્કાર કરો. ॥ ૨ ॥

સર્વાવધિજિનોને વંદન કરો અને ભાવપૂર્વક શ્રી કેવલિજિનોને પ્રણામ કરો તથા ભવસ્થ કેવલિજિનનાથોને ત્રિવિધે નમસ્કાર કરો. ॥ ૩ ॥

ૠજુમતિઓને નમસ્કાર કરો અને વિપુલમતિઓને ભક્તિથી નમસ્કાર કરો, પ્રજ્ઞાશ્રમણોને નમસ્કાર કરો અને બીજબુધ્ધિઓને પણ નમસ્કાર કરો. ॥ ૪ ॥

(શ્રી પ્રવચનમંગલસાર-મૂલ)

પણમહ ય કોટ્ઠબુધ્ધિં, પયાણુસારીણ ણમહ સવ્વેસિં
પણમહ ય સુઅધરાણં, ણમહ ય સંભિન્નસોયાણં ॥૫॥

પણમહ ચઉદસપુવ્વી, તહ દસપુવ્વી અ વાયગે વંદે
ઈક્કારસંગસુત્તત્થ - ધારએ ણમહ આયરિએ ॥૬॥

ચારણસમણે પણમહ, તહ જંઘાચારણે ય પણમામિ
વંદે વિજ્જાસિધ્ધે, આગાસગમે ય જિણકપ્પે ॥૭॥

આમોસહિણો વંદે, ખેલોસહિ-જલ્લમોસહી ણમહ
સવ્વોસહિણો વંદે, પણમહ આસીવિસે ચેવ ॥૮॥

કોષ્ઠબુધ્ધિઓને પ્રણામ કરો અને સર્વ, પદાનુસારી લબ્ધિવંતોને પણ પ્રણામ કરો; શ્રુતધરોને પ્રણામ કરો અને સંભિન્નશ્રોતોલબ્ધિ વંતોને પણ પ્રણામ કરો. ॥૫॥

ચૌદ પૂર્વધરોને તથા દશપૂર્વધરોને પ્રણામ કરો તથા વાચકોને (પૂર્વધરોને)વંદન કરું છું , તથા અગિયાર અંગના સૂત્ર તથા અર્થના ધારક આચાર્યોને પ્રણામ કરો. ॥૬॥

ચારણશ્રમણોને પ્રણામ કરો તેમજ જંઘાચારણોને પણ પ્રણામ કરું છું. વિદ્યાસિધ્ધો, આકાશગામિઓ તથા જિનકલ્પીઓને વંદુ છું. ॥૭॥

આમર્શૌષધિયોને વંદું છું, ખેલૌષધિ તેમજ જલ્લૌષધિઓને પણ નમન કરો. સર્વૌષધિઓને વંદન કરું છું, તેમજ આશીવિષ લબ્ધિવંતોને પણ પ્રણામ કરો. ॥૮॥

પણમહ દિટ્ઠિવિસિણો, વયણવિસે ણમહ તેયલેસિલ્લે
સીઅલલેસ્સે પણમહ, પુલાયલધ્ધી ય સેઢિગએ ॥૯॥

ખીરાસવાણ ણમિમો, મહુઆસવયાણ વંદિમો ચલણે
અમયાસવાણ પણમહ, અક્ખીણમહાણસે વંદે ॥૧૦॥

પણમામિ વિઉવ્વીણં, જલહિગમાણાણ ભૂમિમજ્જીણં
પણમામિ આણુયરૂવે , મહલ્લરૂવે ય પણમામિ ॥૧૧॥

માણવેગિણો ય પણમહ, ગિરિરાયપવટ્ટગે ચ પણમામિ
દિસ્સાદિસ્સે ણમિમો, ણમહ ય સવ્વિઢ્ઢિસંપન્ને ॥૧૨॥

દ્રષ્ટિવિષલબ્ધિધરો, વચનવિષો અને તેજોલેશ્યાવંતોને નમન કરો, શીતલલેશ્યાવંતો, પુલાકલબ્ધિને ધરનારાઓ તથા શ્રેણિમાં વર્તતા (આત્માઓને )વંદન કરો. ॥ ૯ ॥

ક્ષીરાશ્રવ લબ્ધિવંતોને તથા મધ્વાશ્રવ લબ્ધિવંતોના ચરણોને અમે વંદન કરીએ છીએ. અમૃતાશ્રવોને પ્રણામ કરો અને અક્ષીણમહાનસી લબ્ધિવંતોને વંદન કરું છું. ॥ ૧૦ ॥

વૈક્રિયલબ્ધિવંતો, સમુદ્રમાં ગમન કરનારાઓ, જમીનમાં ડૂબકી મારનારાઓ, નાનામાં નાનું રૂપ કરનારા અને મહાનથી ય મહાન રૂપ કરનારા આ સર્વને પ્રણામ કરું છું. ॥ ૧૧ ॥

મનવેગીઓને પ્રણામ કરો, ગિરિરાજની વચમાંથી ચાલ્યા જનારાઓને પ્રણામ કરું છું. (ક્ષણમાં) દૃશ્ય ને અદૃશ્ય થનારા તથા સર્વઋધ્ધિ (લબ્ધિ) સંપન્નોને નમન કરીએ છીએ. ॥ ૧૨ ॥

પણમહ પડિમાવન્ને, તવોવિહાણેસુ ચેવ સવ્વેસુ
પણમામિ ગણહરાણં, જિણજાણણીણં ચ પણમામિ ॥૧૩॥

કેવલનાણં પણમામિ, દંસણં તહ ય સવ્વનાણાઈ
ચારિત્તં પંચવિહં, તેસુ ય જે સાહુણો સવ્વે ॥૧૪॥

ચક્કં છત્તં રયણજઝઓ અ, ચમરા ય દુંદુહી કંતી
સિહાસણ કિંકિલ્લી, પણમહ વાણી જિણિંદસ્સ ॥૧૫॥

વંદામિ સવ્વસિધ્ધે, પંચાણુત્તરનિવાસિણો જે ય
લોગંતિએ ય દેવે, વંદહ સવ્વે સુરિંદે ય ॥૧૬॥

પ્રતિમાધારીઓ, તેમજ સર્વતપોવિધાનોમાં વર્તનારાઓને પ્રણામ કરો. ગણધર ભગવંતોને તથા શ્રી જિનભગવંતોની માતાઓને પ્રણામ કરું છું. ॥ ૧૩ ॥

કેવલજ્ઞાનને, કેવલદર્શનને, તેમજ સર્વ જ્ઞાનોને પ્રણામ કરું છું. પાંચે ય પ્રકારના ચારિત્રને તથા તે ચારિત્રોમાં વર્તતા જે સાધુ ભગવંતો છે તે સર્વને વંદન કરું છું. ॥ ૧૪ ॥

ધર્મચક્ર, છત્ર, રત્નનો ધ્વજ, ચામર, દુન્દુભિ, ભામંડલ, સિંહાસન, અશોકવૃક્ષ તથા જિનેન્દ્રની વાણીને પ્રણામ કરો. ॥ ૧૫ ॥

સર્વસિધ્ધ ભગવંતોને તથા પાંચ અનુત્તર દેવ લોકમાં વસનારા દેવોને વંદન કરું છું તથા લોકાન્તિક દેવોને અને સર્વ સુરેન્દ્રોને વંદન કરો. (કારણ કે આ બધા નિયમા સમ્યગ્દ્રષ્ટિ છે.) ॥ ૧૬ ॥

આહારગદેહધરે, ઉવસામગસેઢિસંઠિએ વંદે
સમ્મદ્દિટ્ઠિપ્પભિઈ- સવ્વે ગુણઠાણએ વંદે ॥૧૭॥

સંતી કુંથૂ ય અરો, એઆણં આસી ણવ મહાનિહિણો
ચોદ્દસ રયણાણિ પુણો, છન્નઉઈ ગામકોડીઓ ॥૧૮॥

તા એઆણં પણમહ, પણમહ અન્નેવિ ચક્કિણો સવ્વે
જે અરિહંતિ પણામં, ભવંમિ ધુવભાવિમુક્ખા ય ॥૧૯॥

બલકેસવાણ જુયલે, પણમહ અન્ને વિ ભવ્વઠાણેસુ
સવ્વે વિ વંદણિજ્જે, પવયણસારે પણિવયામિ ॥૨૦॥

આહારક શરીરને ધરનારા, તથા ઉપશમશ્રેણિમાં રહેલાઓને વંદું છું. ઉપરાંત સમ્યગ્ દ્રષ્ટિ વગેરે સર્વ ગુણસ્થાનકોને પણ વંદું છું. ॥ ૧૭ ॥

શ્રી શાન્તિનાથ, કુન્થુનાથ અને અરનાથ આ ભગવંતોને નવ મહાનિધિઓ, ચૌદ રત્નો તથા છન્નુ ક્રોડ ગામો હતા ॥ ૧૮ ॥

આવા તે ભગવંતોને પ્રણામ કરો, બીજા પણ સર્વ ચક્રવર્તીઓને પ્રણામ કરો. કારણ કે આ સંસારમાં તેમનો મોક્ષ નક્કી છે અને તેથી તેઓ પ્રણામને યોગ્ય છે. ॥ ૧૯ ॥

બલદેવ અને વાસુદેવના યુગલોને તથા બીજા પણ સુંદર સ્થાનને પામેલાઓને વંદન કરો. વંદન કરવા યોગ્ય અને પ્રવચનના સારભૂત સર્વે વંદનીય આત્માઓને પ્રણામ કરૂં છું. ॥ ૨૦ ॥

(શ્રી પ્રવચનમંગલસાર-મૂલ)

ઓમે ય વગ્ગૂ વગ્ગૂ, સોમે સોમાણસ હોઈ મહુ મહુરે
કિલિ કિલિ અપ્પડિચક્કા-હિલિહિલિ દેવીઓ સવ્વાઓ ॥૨૧॥

ઈઅ પવયણસ્સ સારં મંગલમેયં તિ પૂઈઅં ઈત્થ
એયં જો પઢઈ નરો, સમ્મદિટ્ઠી ય ગોસગ્ગે ॥૨૨॥

તદ્દિવસં તસ્સ ભવે, કલ્લાણપરંપરા સુવિહિયસ્સ
જં જં સુહં પસત્થં, મંગલ્લં હોઈ તં તસ્સ ॥૨૩॥

ઈતિ સ્તુતિઃ

(શ્રી પ્રવચનમંગલસાર-અર્થ)

ૐ વગ્ગૂ વગ્ગૂ સોમે સોમણસે મહુ મહુરે કિલિ કિલિ અપ્રતિચક્રા હિલિ-હિલિ આ મંત્રમાં રહેલી સર્વ દેવીઓ છે. (તેમને પણ સ્મરું છું) ॥૨૧॥

આ પ્રમાણે આ પ્રવચનનો સાર છે, આ મંગલ છે અને તેથી તે પૂજિત છે. જે સમ્યગ્દ્રષ્ટિ આત્મા પ્રાતઃ કાલમાં ગાયોને ચરવા જવા માટે છૂટવાના સમયે આ સ્તોત્રનો પાઠ કરે છે, ॥૨૨॥

તે દિવસે તે સુવિહિતને કલ્યાણોની પરંપરા પ્રાપ્ત થાય છે. (એટલું જ નહિં ) પણ જે જે શુભ છે, જે જે પ્રશંસાપાત્ર છે, જે જે મંગલકારી છે, તે તે તેને પ્રાપ્ત થાય છે. ॥૨૩॥

સ્તુતિ સમાપ્ત થઈ.

(સ્થવિરાવલીની પૂર્વભૂમિકા)

આ ભારત દેશ જ્યારે એક તરફ બાર બાર વર્ષના દુષ્કાળોથી જર્જરિત થઈ ગયો હતો, બીજી તરફ શકો અને હૂણોના લાલચુ ડોળા આ ભારતની સંપત્તિ લૂંટવા મેદાને પડ્યા હતા, ત્રીજી તરફ શૈવો અને બૌધ્ધો એક બીજાને પછાડવા મરણતોલ પ્રયાસો કરતા હતા. જૈન ધર્મ પણ મહાભયંકર વિપત્તિ સામે ઝૂઝતો હતો. એક એક જૈન શ્રમણના મસ્તક પાંચ પાંચ સુવાર્ણમુદ્રાથી વિધર્મીઓ ઉતરાવી રહ્યા હતા. આવા વિષમકાળમાં પણ જે જે મહાન પુરુષોએ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના વારસાને સાચવ્યો અને આપણા સુધી પહોંચાડ્યો તે પૈકીના કેટલાક આચાર્ય ભગવંતોને આ સ્થવિરાવલીમાં સ્મૃતિપથમાં લાવી વંદન કરવામાં આવ્યું છે. આ, તે આચાર્ય ભગવંતો છે કે જે 'નમો આયરિયાણં' પદમાં સ્થાન પામ્યા છે. મહાન આગમ શ્રી કલ્પસૂત્રના આઠમા વ્યાખ્યાન સ્થવિરાવલીમાંથી આ પાઠ અહિં રજૂ કરાયો છે. (કલ્પસૂત્ર આગમ ગ્રંથ હોવાથી તેનું ભાષાંતર કરવું ઉચિત નથી પરંતુ આ કલ્પસૂત્રની પાછળથી રચાયેલી અને પોતાના ગુરુઓની પ્રશસ્તિ હોવાથી ભાષાંતર આપ્યું છે.) આવા મહાન આચાર્ય દેવોનું પ્રાતઃકાલે કરેલું સ્મરણ જો જીવન સુધારે તો પછી આજનો દિવસ કેમ ન સુધારે !

સૌ ભાવુકોએ પ્રતિદિન આનો પાઠ કરવો જોઈએ.

: સંપાદક :

# સ્થવિરાવલી

(કલ્પસૂત્ર અષ્ટમ વ્યાખ્યાનમાંથી ઉદ્ધૃત)

વંદામિ ફગ્ગુમિત્તં ચ ગોયમં ધણગિરિં ચ વાસિટ્ઠં
કુચ્છં સિવભૂઈં પિ ય કોસિય દુજ્જંતકણ્હે ય ॥ ૧ ॥

તં વંદિઊણ સિરસા ભદ્દં વંદામિ કાસવસગુત્તં
નક્ખં કાસવગુત્તં રક્ખં પિ ય કાસવં વંદે ॥ ૨ ॥

વંદામિ અજ્જનાગં ગોયમં જેહિલં ચ વાસિટ્ઠં
વિણ્હું માઢરગુત્તં કાલગમવિ ગોયમં વંદે ॥ ૩ ॥

ગોયમગુત્તકુમારં સંપલિયં તહ ય ભદ્દયં વંદે
થેરં ચ અજ્જવુડ્ઢં ગોયમગુત્તં નમંસામિ ॥ ૪ ॥

તં વંદિઊણ સિરસા થિરસત્તચરિત્તનાણસંપન્નં
થેરં ચ સંઘવાલિયં ગોયમગુત્તં પણિવયામિ ॥ ૫ ॥

વંદામિ અજ્જહત્થિં કાસવં ખંતિસાગરં ધીરં
ગિમ્હાણ પઢમમાસે કાલગયં ચેવ સુધ્ધસ્સ ॥ ૬ ॥

વંદામિ અજ્જધમ્મં ચ, સુવ્વયં સીસલધ્ધિસંપન્નં
જસ્સ નિકખમણે દેવો છત્તં વરમુત્તમં વહઈ ॥ ૭ ॥

વંદુ છું આર્ય **ફલ્ગુમિત્રને** કે જે ગૌતમ ગોત્રના હતા. તે પછી વાસિષ્ઠગોત્રના **ધનગિરિને** વંદુ છું. કૌત્સ્યગોત્રના **શિવભૂતિને** વંદુ છું અને કૌશિકગોત્રના **દુઈજ્જંતકૃષ્ણને** વંદન કરૂં છું. ॥૧॥

આ સર્વને મસ્તક ઝૂકાવીને વંદન કરીને, કાશ્યપગોત્રીય **આર્ય ભદ્રને** વંદન કરૂં છું. કાશ્યપગોત્રીય **આર્યનક્ષત્રને** અને કાશ્યપ ગોત્રીય **આર્ય રક્ષને** વંદુ છું. ॥૨॥

ગૌતમગોત્રીય **આર્ય નાગને** અને વસિષ્ઠગોત્રીય **આર્ય જેહિલને** તથા માઢરગોત્રીય **આર્ય વિષ્ણુને** અને ગૌતમગોત્રીય **આર્ય કાલકને** પણ વંદન કરૂં છુ. ॥૩॥

ગૌતમગોત્રીય, કુમાર એવા **આર્ય સંપલિત** તથા **આર્ય ભદ્રકને** વંદન કરું છું. તથા ગૌતમગોત્રના સ્થવિર **આર્યવૃધ્ધને** નમસ્કાર કરું છું. ॥૪॥

એમને મસ્તક નમાવી વંદન કરીને, ગૌતમગોત્રીય, સ્થિર સત્ત્વવાળા, ચારિત્ર અને જ્ઞાનથી ભરેલા, સ્થવિર **આર્ય સંઘપાલિતને** પ્રણામ કરું છું. ॥૫॥

કાશ્યપગોત્રીય, ક્ષમાના સાગર, ધીર, ગ્રીષ્મઋતુના પ્રથમ માસના શુક્લપક્ષમાં કાળધર્મ પામેલા સ્થવિર **આર્ય હસ્તિને** વંદન કરું છુ. ॥૬॥

જેમના દીક્ષા મહોત્સવમાં દેવતાએ શ્રેષ્ઠ છત્ર ધારણ કર્યું હતું તે, શિષ્યોની લબ્ધિવાળા, સુંદર રીતે મહાવ્રતોને પાળનારા, સ્થવિર **આર્ય ધર્મને** વંદન કરું છું. ॥૭॥

(શ્રી સ્થવિરાવલી - મૂલ)

હત્થિં કાસવગુત્તં ધમ્મં સિવસાહગં પણિવયામિ
સીહં કાસવગુત્તં ધમ્મં પિ ય કાસવં વંદે ॥ ૮ ॥

તં વંદિઊણ સિરસા થિરસત્તચરિત્તનાણસંપન્નં
થેરં ચ અજ્જજંબું ગોયમગુત્તં નમંસામિ ॥ ૯ ॥

મિઉમદ્દવસંપન્નં ઉવઉત્તં નાણદંસણચરિત્તે
થેરં ચ નંદિયં પિ ય, કાસવગુત્તં પણિવયામિ ॥ ૧૦ ॥

તત્તો ય થિરચરિત્તં ઉત્તમસમ્મત્તસત્તસંજુત્તં
દેસિગણિખમાસમણં માઢરગુત્તં નમંસામિ ॥ ૧૧ ॥

તત્તો અણુઓગધરં ધીરં મઈસાગરં મહાસત્તં
થિરગુત્તખમાસમણં વચ્છસગુત્તં પણિવયામિ ॥ ૧૨ ॥

તત્તો ય નાણદંસણ- ચરિત્તતવસુટ્ઠિયં ગુણમહંતં
થેરં કુમારધમ્મં વંદામિ ગણિં ગુણોવવેયં ॥ ૧૩ ॥

સુત્તત્થરયણભરિએ ખમદમમદ્દવગુણેહિં સંપન્ને
દેવઢ્ઢિખમાસમણે કાસવગુત્તે પણિવયામિ ॥ ૧૪ ॥

**ઈતિ શ્રી સ્થવિર વંદના**

તે પછી કાશ્યપગોત્રીય **આર્ય હસ્તિને** અને મોક્ષના સાધક **આર્ય ધર્મને** વંદુ છું. કાશ્યપગોત્રીય **આર્ય સિંહને** તથા કાશ્યપગોત્રીય **આર્ય ધર્મને** પણ વંદન કરું છું. ॥ ૮ ॥

આ સર્વને મસ્તકથી વંદન કરીને, સ્થિર સત્ત્વવાળા, ચારિત્ર અને જ્ઞાનથી સહિત, ગૌતમગોત્રીય સ્થવિર **આર્ય જંબૂને** પ્રણામ કરું છું. ॥ ૯ ॥

સ્વભાવથી મૃદુ (સુકોમલ) તથા નિરભિમાનતા ગુણથી ભરેલા, જ્ઞાન, દર્શન અને ચારિત્રની સાધનામાં સતત ઉપયોગવાળા, કાશ્યપગોત્રીય સ્થવિર **આર્ય નંદિતને** પ્રણામ કરું છું. ॥ ૧૦ ॥

તે પછી સ્થિર ચારિત્રવાળા, ઉત્તમ સમ્યક્ત્વ અને સત્ત્વયુક્ત, માઢરગોત્રીય, **આર્ય દેસીગણિ નામના** ક્ષમાશ્રમણને નમસ્કાર કરું છું. ॥ ૧૧ ॥

તે પછી સૂત્રોની વ્યાખ્યાના ધારક, ધીર, બુધ્ધિના મહાસાગર, મહાસત્ત્વવંત, વત્સગોત્રીય **આર્ય સ્થિરગુપ્ત** નામના ક્ષમાશ્રમણને વંદન કરું છું. ॥ ૧૨ ॥

તે પછી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં સુસ્થિત, ગુણોથી મહાન, સ્થવિર **આર્ય કુમારધર્મ** નામના મહાન ગુણોથી યુક્ત આચાર્યને વંદન કરું છું. ॥ ૧૩ ॥

સૂત્ર અને અર્થ રૂપી રત્નોથી ભરેલા, ક્ષમા, ઈન્દ્રિયોનું દમન, નિરહંકારતા વગેરે ગુણોથી સંપન્ન, કાશ્યપગોત્રીય શ્રી **દેવર્ધિક્ષમાશ્રમણને** પ્રણિપાત કરું છું. ॥ ૧૪ ॥

**આ પ્રમાણે સ્થવિરવંદના સમાપ્ત થઈ.**

